# આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનો રંગારંગ પ્રારંભ

## ૪૫ દેશોના ૧૫૧ પતંગબાજો દ્વારા પતંગ કલાનું નિદર્શન : પતંગોત્સવ વિકાસ સાથે પ્રકૃતિ પૂજાનો સંદેશ આપે છે : રાજ્યપાલશ્રી : ગુજરાતની વિકાસ પતંગ વિશ્વ નભમાં નવી ઉંચાઈઓ સર કરી રહી છે : મુખ્યમંત્રી

રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીએ આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવ-૨૦૧૯ને ખુલ્લો મુકતાં જણાવ્યું કે, પતંગોત્સવએ મનુષ્યને પ્રગતિ સાથે પ્રકૃતિ પૂજાનો સંદેશ આપે છે. તેમણે કહ્યું કે, પતંગોત્સવ આપણને શીતકાળની આળસ ખંખેરી નવી ઉર્જાનો સંચાર કરવા પ્રેરે છે. વિદેશમાં રહેતા લોકોને પણ પોતાના મૂળ તરફ પરત ફરવા આ તહેવાર પ્રેરણા આપે છે.

રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આ પતંગોત્સવ સ્વસ્થ પ્રતિસ્પર્ધાની ઉર્જાનો સંચાર કરે છે ત્યારે એકતા ધરાવતા આપણાં સમાજમાં સૌ સાથે મળીને વિકાસ માટે આપણાં ઉત્સવો મહત્વપૂર્ણ બની રહ્યા છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, ઉત્તરાયણનો આ ઉત્સવ પતંગ-દોરી, પવન-સૂર્યની જેમ એક-મેકને સાથે મળીને આપણને સૌને આગળ, પતંગની જેમ નવી ઉંચાઈ આંબવાની પ્રેરણા આપે છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પતંગોત્સવ અને પતંગને ગુજરાતની વિશ્વમાં બ્રાન્ડ ઈમેજનો





ઉત્સવ વર્ણવતા કહ્યું કે, આ ઉત્સવ ગરીબ પરિવારો માટે આર્થિક આધારનું કેન્દ્ર બન્યો છે, સૌના સાથ - સૌના વિકાસનું દ્રષ્ટાંત બન્યો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની વિકાસ પતંગ પણ વિશ્વમાં નવી ઉંચાઈઓ સર કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાત અને વિકાસ એ હવે એક બીજાના પર્યાય છે.

મુખ્ય મંત્રીશ્રીએ રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં સાબરમતી રિવરફ્રન્ટનાં સાનિધ્યે આંતરરાષ્ટ્રિય પતંગ મહોત્સવનો રંગારંગ પ્રારંભ કરાવ્યો હતો.

વર્ષના પ્રારંભે જાન્યુઆરી મહિનામાં મેરેથોન, વાયબ્રન્ટ ગુજરાત સમિટ અને શોપિંગ ફેસ્ટીવલ સાથે પતંગોત્સવ જેવો આ જનઉમંગ કાર્યક્રમ યોજીને ગુજરાતે પોતાની એક આગવી વિકાસગાથા રચી છે. તેમણે સૂર્યના મકર રાશિમાં સંક્રાંતિના ઉત્તરાયણ ઉત્સવને પ્રકૃતિ-પર્યાવરણની ઉપાસના સાથે ઉર્ધ્વ ગતિ નવી દીશામાં જવાનો અવસર પણ ગણાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સનાતન કાળથી પ્રકૃતિ પૂજાના આપણા સંસ્કાર વારસાને ઉત્તરાયણનું પતંગ પર્વ વધુ ઉન્નત બનાવે છે, તેમ પણ સૌ નાગરિકોને ઉત્તરાયણ પર્વની શુભેચ્છાઓ પાઠવતાં ઉમેર્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ ઉત્તરાયણનું પતંગ પર્વ સમરસતાનું પર્વ પણ બન્યું છે તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આ પતંગોત્સવમાં ૪૫ દેશોના અને ભારતના વિવિધ ૧૩ રાજ્યોના તેમજ ગુજરાતના ૧૯ શહેરોના ૫૦૦ જેટલા આંતરરાષ્ટ્રીય પતંગબાજોની પોતાના પતંગની આગવી ઓળખ સાથેની પરેડ-માર્ચ પાસ્ટ પણ યોજવામાં આવી હતી.

અમદાવાદના મેયર શ્રીમતી બીજલબેન પટેલે જણાવ્યું કે, ભારતીય સંસ્કૃતિ કલા, સંસ્કૃતિ અને પરંપરાથી ધબકતી રહી છે. ભારતીયોના જીવનમાં તહેવારોનું મહાત્મ્ય પ્રકૃતિ સાથે વણાયેલું રહ્યું છે. કાશ્મિરથી કન્યાકુમારી સુધી ઉત્તરાયણ પર્વની ભારે ઉમંગ સાથે દેશભરમાં ઉજવણી કરવામાં આવે છે.

# એલસીબીએ દહેગામમાં દરોડો પાડીને ચાઈનીઝ દોરીનો મોટો જથ્થો પકડયો

### ૪૮ હજારની કિંમતની ચાઈનીઝ દોરીની ૧૬૦ ફિરકી જપ્ત કરીને વેપારી સામે ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા.૬

જીવલેણ સાબિત થયેલી ચાઈનીઝ દોરી ઉપર પ્રતિબંધ હોવા છતાં અનેક વેપારીઓ આ ચાઈનીઝ દોરીનો વેપલો કરતા હોય છે. ગાંધીનગર જિલ્લામાં ક્યાંય ચાઈનીઝ દોરી નું વેચાણ ન થાય તેની ખાસ ધ્યાન રાખવા જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના આધારે ગાંધીનગર એલસીબીની ટીમ દ્વારા ચારેય તાલુકામાં સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ચેકિંગ દરમિયાન ગઈ કાલે દહેગામમાં સરદાર નગર માર્કેટમાં આવેલી એક દુકાનમાંથી ચાઈનીઝ દોરી નો મોટો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીની ટીમે દુકાનમાંથી ૪૮ હજારની કિંમતની ચાઈનીઝ દોરીની ૧૬૦ નંગ ફીરકીઓ જપ્ત કરી વેપારી સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલ અને તરલ ભટ્ટની સૂચનાથી તેમની વિવિધ ટીમો દ્વારા ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં પતંગ દોરીના માર્કેટ ઉપર સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કરવામાં આવ્યા છે. ગઈકાલે પી.એસ.આઈ એચ કે સોલંકી ની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ અમૃતભાઈ ને બાતમી મળી હતી કે દહેગામ સરદારનગર માર્કેટમાં આવેલી દુકાન નંબર-૬ બીન્ટુ સ્ટોરમાં પતંગ દોરીનું વેચાણ થાય છે અને તેમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનો જથ્થો લાવીને વેચવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડીને દહેગામ અનુરાધા સોસાયટી મકાન નંબર ૨૯માં રહેતા વેપારી કેતનકુમાર ઉર્ફે બિન્ટુ બાલુભાઈ પટેલ ની દુકાનમાં ચેકિંગ હાથ ધર્યુ હતું. દુકાનમાં તપાસ કરતા અંદરથી અલગ-અલગ કિંમતની ૧૬૦ નંગ ચાઈનીઝ દોરી ની ફીરકીઓ મળી આવી હતી. એલસીબીની ટીમે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી નો જથ્થો જપ્ત કરીને વેપારી કેતન સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# સે-૭/સીના આંતરીક માર્ગો પર બેફામ દોડતા જીપચાલકો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના માર્ગો પર દોડતા શટલીયા જીપચાલકો બેફામ બની ગયા છે. ટ્રાફિક પોલીસનો જાણે ડર રહ્યો ના હોય તેમ પુરપાટ ઝડપે વાહનો હંકારી રહ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૭ સી ના કોર્નર પર પોલીસ તંત્ર વાહનો ઉભા રહેવા દેતા ન હોવાથી વાહન ચાલકો પોતાના વાહનો અંદરની સાઈડમાં મુકે છે. સેકટરના આંતરીક ખુણાથી નરોડા અને વાડજ સુધીના રૂટ પર જીપ- ઈકો દોડાદોડી કરતી હોય છે. ત્યારે આ જીપ ચાલકો એટલી હદે બેફામ બન્યા છે કે સેકટરના રહેણાંક વિસ્તારમાંથી પસાર થતા પણ જીપ કે ઈકો ધીમી ગતિએ હંકારવાનું નામ લેતા નથી. રવિવારના રોજ સવારે ઈકો ચાલકે એક બાળકને અડફેટે લીધો હતો. ઘર આગળ રમતા બાળકને ઈજા પહોંચતા તેને તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ઈકો ચાલકમાં માનવતા જ મરી પરવારી હોય તેમ ઈકો ઉભી રાખ્યા વિના પુરપાટ વેગે હંકારી દીધી હતી. ત્યારબાદ વસાહતીઓએ આ માર્ગ બંધ કરી દેતા અને ખાટલા તેમજ ખુરશીઓ લઈને માર્ગ વચાળે બેસી જતા વાહન ચાલકો અને વસાહતીઓ વચ્ચે ચકમક પણ ઝરી હતી. ત્યારે સર્કલ આગળથી સે-૭ સીમાં જવાનો



માર્ગ બંધ કરી દેવાયો છે. જેને પગલે જીપ ચાલકો અંદરના રહેણાંક વિસ્તારમાંથી પોતાના વાહનો હંકારતા નજરે પડે છે. જયારે પોતાના ઘર પાસે વાહનનો ખડકલો સર્જાતા વસાહતીઓ પણ ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે.તો બીજી તરફ સાંજ ઢળતા જ અસામાજીક પ્રવૃતિઓ પણ ધમધમતી હોવાની જાણ વસાહતીઓને થવા પામી છે. ત્યારે સેકટર-૭ સી ના કોર્નર પર રહેતા વસાહતીઓને કાયમી જીપચાલકોથી છુટકારો મળે તે દિશામાં કામગીરી આરંભી દીધી છે. પોલીસ તંત્રએ પણ શટલીયા જીપ અને ઈકો ચાલકો સામે લાલ આંખ કરવાની જરુરીયાત ઉભી થવા પામી છે. જો ટુંક સમયમાં આ અંગે નિર્ણય નહીં આવે તો વસાહતીઓ દ્વારા ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવશે.

# લોકસભામાં કોંગ્રેસના નેતાઓ તેમની 'ભૂલ' રિપીટ કરશે તો પરિવર્તન નહીં પુનરાવર્તન

## એક બેઠક પછી બીજી બેઠક વચ્ચે માત્ર લંચનો સમય : વાયબ્રન્ટના ચાર દિવસમાં ૪૨ કલાક કામ થશે

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ગુજરાતનો રાજકીય ઈતિહાસ છે કે નરેન્દ્ર મોદીનું કદ જો મોટું થયું હોય તો તેમને મળેલી નેગેટીવ પબ્લિસિટી છે. મોદીને પોઝિટીવ સેન્સમાં કોંગ્રેસના નેતાઓએ ક્યારેય જોયા જ નથી. મોદીને ગાળો આપવાથી ચૂંટણી જીતી જવાય છે તેવું નહીં પણ ચૂંટણી હારી જવાય છે તેવો પ્રચાર કોંગ્રેસે હવે શરૂ કરવો જોઈએ, કેમ કે ગુજરાતની છેલ્લી પાંચ ચૂંટણીના પરિણામો બતાવે છે કે કોંગ્રેસ કેટલા પાણીમાં છે. પંજાબ અને ગોવાની ચૂંટણીમાં કારમી હાર પછી દિલ્હીના મુખ્યમંત્રીને બ્રહ્મજ્ઞાન થયું હતું કે-- ×મોદીને ગાળો દેવાથી ચૂંટણી જીતી શકાતી નથી×. તેમણે તેમની સ્ટેટજી બદલીને મોદીનું નામ લેવાનું બંધ કર્યા પછી દિલ્હીની પેટાચૂંટણીમાં તેમની પાર્ટીનો કેન્ડિડેટ જીતી ગયો હતો. મોદી વિરૂદ્ધ જાહેરમાં પ્રવચન નહીં કરવાનો કેજરીવાલનો કિમિયો સફળ રહ્યો હતો. હવે કોંગ્રેસના નેતાઓ કેજરીવાલની ફોર્મ્યુલા પ્રમાણે કામ કરશે તો આ વખતે કોંગ્રેસને લોકસભામાં દસ થી બાર બેઠકો મળી શકે છે. કોંગ્રેસ જો માત્ર મોદીને ગાળો આપવાની જૂની પરંપરા ચાલુ રાખશે તો તે ૨૦૧૯ની ચૂંટણીમાં ૨૦૧૪નું પુનરાવર્તન કરશે તેવું લાગે છે. ગુજરાતમાં મોદીને ગાળો આપવાથી કોંગ્રેસને હંમેશા નુકશાન જ થયું છે છતાં પ્રદેશના નેતાઓની આંખ ખૂલતી નથી. કોંગ્રેસે મોદીને ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૭ની વિધાનસભા તેમજ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ગાળો આપવાનું સતત ચાલુ રાખતાં કોંગ્રેસ સાફ થઈ ગઈ છે. લોકો માટે પાર્ટી શું વિચારે છે. પાર્ટીનો ભાવિ પ્લાન શું છે. કોંગ્રેસ લોકો માટે શું કરવા માગે છે તેની પાર્ટીમાં કોઈ પ્રસિદ્ધિ કરતું નથી તેથી કોંગ્રેસ હારે છે. નવા વર્ષમાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓને કેજરીવાલ જેવી સદબુદ્ધિ મળે તેવી પ્રાર્થના પાર્ટીના કાર્યકરો કરી રહ્યાં છે.

**વાયબ્રન્ટમાં ચાર દિવસના ભરચક કાર્યક્રમો...**

### વાયબ્રન્ટના સુપર હિરો- રાજગોપાલન અને મહેશ્વર શાહુનું સ્થાન ડો. JN સિંઘ અને MK દાસને મળ્યું છે

વાયબ્રન્ટ સમિટ પૂર્વે ૧૭મીએ સાયન્સ, ટેકનોલોજી, એન્જીનિયરીંગ, મેથેમેટીક્સ -સ્ટીમ-અંગે રાઉન્ડ ટેબલ બેઠક, ટેકનોલોજી અને સ્પેસ અંગે એક્ઝિબિશન, સાયન્સ એન્ડ ટેકની કોન્ફરન્સ અને ગ્લોબલ ટ્રેડ શો નું ઉદઘાટન થશે. ૧૮મી જાન્યુઆરી એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વાયબ્રન્ટ સમિટનું ઉદઘાટન થવાનું છે. પહેલા દિવસે બીટુબી અને બીટુજી બેઠકો, મેક ઈન ઈન્ડિયા સેમિનાર, પોર્ટલેડ ડેવલપમેન્ટ અને ગિફ્ટ સમિટ ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક, જાપાન, ઉઝબેકિસ્તાન, નેધરલેન્ડ, થાઈલેન્ડ, કઝીચ રિપબ્લિક, યુએઈ, સાઉથ કોરિયા અને માલ્ટાના કન્ટ્રી અને ઝારખંડ તેમજ મહારાષ્ટ્રનો સ્ટેટ સેમિનાર થશે. આ દિવસે યુએસ ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ પણ મળવાની છે. ૧૯મી જાન્યુઆરીએ આફ્રિકન ડેની ઉજવણી થશે. એ સાથે ઈન્ટરનેશનલ ચેમ્બર્સની ગ્લોબલ કોન્કલેવ તેમજ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ ફોરમનું આયોજન કરવામાં આવ્યું છે. જર્મની અને ગુજરાત પાર્ટનર્સના ગ્રોથ અંગે મિટ થશે. તૈવાન ઈન્ટરનલ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલ મળશે. ફ્રાન્સ, પોલેન્ડ, સાઉથ આફ્રિકા, મોરોક્કો, કેનેડા, ઓમાન, સિંગાપુર, રશિયા અને નોર્વે નો કન્ટ્રી ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, પંજાબનો સ્ટેટ સેમિનાર થશે. ગુજરાત સ્પ્રિન્ટ ૨૦૨૨ની બ્લુ પ્રિન્ટ આ દિવસે રજૂ થશે. બીટુબી અને બીટુજી બેઠકો યોજાશે. ટ્રેડ એન્ડ એક્સપોર્ટ અંગે સેમિનાર થશે. મેડિકલ અને ફાર્મા સર્વિસ, મોબિલિટી લેડ અર્બન ડેવલપમેન્ટ, એમએસએમઈ કન્વેન્શન તેમજ યુરોપિયન માર્કેટ એન્ડ ઈનોવેશન અંગે સમિટ થશે. ૨૦મી જાન્યુઆરીએ અંતિમ દિવસે ગ્લોબલ ફ્રન્ટીયર અંગે ઈન્ડિયન ટેલેન્ટ પૂલનો એક ખાસ કાર્યક્રમ યોજાશે. એ ઉપરાંત રેન્યુએબલ એનર્જી, સસ્ટેનેબલ ટેકનોલોજી ડ્રીવન એગ્રીકલ્ચર, ટેક્સટાઈલ, ઈન્ટરનેશનલ ચેમ્બર્સનો ગ્લોબલ કોન્કલેવ યોજાશે. ત્રીજા દિવસે પણ બીટુબી અને બીટુજી બેઠકો થશે અને હરિયાણાનો સ્ટેટ સેમિનાર પછી સાંજના સમયે વેલેડિક્ટરી ફંકશન થશે. અત્યાર સુધીમાં ૧૭૫૩૦ ડેલિગેટ્સનું રજીસ્ટ્રેશન થયું છે. ૮૨ બિઝનેસ પ્રતિનિધિમંડળોની નોંધણી થઈ છે અને ૨૬૦૫૧ કંપનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આ ચાર દિવસમાં ૪૮ કલાક કામ થશે તેવું લાગી રહ્યું છે.

**સરકારે આરોગ્યનું બજેટ વધારવું પડશે...**

ગુજરાતમાં આરોગ્ય સેવાઓ માટે રૂપિયાની ફાળવણીમાં કુલ બજેટના પાંચ કે છ ટકા નહીં ચાલે પરંતુ ૨૦૨૦ સુધીમાં કુલ બજેટના આઠ ટકા રકમ આરોગ્ય સેવાઓ પાછળ ફાળવવી પડશે. આમ થવાનું કારણ રાષ્ટ્રીય આરોગ્ય નીતિ છે. આ નીતિમાં દેશના તમામ રાજ્યોને કહેવામાં આવ્યું છે કે આરોગ્ય સેવાઓ પાછળ બજેટના આઠ ટકા ફાળવવા પડશે. ગયા બજેટમાં ગુજરાત સરકારે આરોગ્ય સેવાઓ પાછળ ૯૦૦૦ કરોડનો ખર્ચ કરવાનું આયોજન કર્યું હતું પરંતુ હવે તેમાં વધારો કરવો પડશે. એટલે કે ગુજરાત સરકારનું કુલ બજેટ બે લાખ કરોડ હશે તો રાજ્યએ આરોગ્ય સેવાઓ પાછળ ૧૬૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવા પડશે. માત્ર ગુજરાત જ નહીં દેશના અન્ય રાજ્યોને આરોગ્ય બજેટ વધારવા માટે આ નીતિ પ્રોત્સાહિત કરે છે. કેન્દ્રની સરકારની સૂચનાઓનું પાલન દરેક રાજ્ય સરકારોએ કરવાનું હોય છે તેથી આશા રાખીએ કે ગુજરાતમાં આરોગ્ય સેવાઓ પાછળના બજેટમાં રૂપિયાની ફાળવણી વધે.

**કુંવરજી હવે સરકારમાં મહત્વનો ચહેરો છે...**

જસદણની પેટા ચૂંટણીમાં ૨૦૦૦૦ની જંગી લીડથી જીતેલા કુંવરજી બાવળિયા હવે ગુજરાત સરકારમાં મહત્વનો ચહેરો છે. કોળી સમાજનું પ્રતિનિધિત્વ કરતાં હોવાથી પાર્ટીના હાઈકમાન્ડે તેમને લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રીય કક્ષાએ મહત્વ આપવાનું નક્કી કર્યું છે. ભાજપમાં કોળી સમાજ એટલે પરસોત્તમ સોલંકી અને તમના ભાઈ હીરાભાઈ સોલંકી. આ બન્ને ચહેરા એવા છે કે ભાજપમાં તેમનો પડ્યો બોલ ઝિલાય છે પરંતુ હવે એવું રહ્યું નથી. ભાજપમાં કોંગ્રેસના કુંવરજી આવી ગયા છે એટલે આ બન્ને ભાઈનું વર્ચસ્વ ઓછું થવાના ચાન્સિસ છે. પરસોત્તમ સોલંકીની જીદ સામે ભાજપ ઘણીવાર ઝૂકી ગયું છે પરંતુ હવે ભાજપમાં કોળી સમાજના વારસદાર તૈયાર થઈ ચૂક્યાં છે. પાર્ટી બદલીને ભાજપમાં આવેલા કુંવરજી માટે એવું કહેવાય છે કે તેઓ રાષ્ટ્રીય કોળી સમાજમાં પ્રભુત્વ ધરાવે છે તેથી તેમનો ઉપયોગ લોકસભાની ચૂંટણીમાં કરવામાં આવશે. તેઓ ગુજરાતના નાયબ મુખ્યમંત્રી બની જાય તો નવાઈ પામવા જેવું નથી. કુંવરજીની કોંગ્રેસમાંથી એક્ઝિટ એ કોંગ્રેસને જ ભારે પડી છે.

**વાયબ્રન્ટ સમિટ પછી મોટાપાયે બદલીઓ...**

ગુજરાત સરકારમાં સિનિયર નેતાઓની અછત સર્જાઈ રહી છે. વધુ એક ઓફિસર રાજગોપાલ આ મહિનાના અંતે નિવૃત્ત થઈ રહ્યાં છે. તેમના સ્થાને કોને મૂકવા તેની ચર્ચા વાયબ્રન્ટ સમિટ પછી થાય તેમ લાગી રહ્યું છે, કેમ કે અત્યારે સરકાર વાયબ્રન્ટ મોડમાં આવી છે અને વાયબ્રન્ટ પહેલાં સિનિયર ઓફિસરોની બદલીઓ થાય તેવી કોઈ શક્યતા નથી. નર્મદા નિગમના સીએમડી એસ.એસ.રાઠોડની એક્ઝિટ પછી તેનો વધારાનો હવાલો ડો. રાજકુમાર ગુપ્તાને આપવામાં આવ્યો છે. એ ઉપરાંત રાજ્યમાં ઉદ્યોગ વિભાગના એસીએની જગ્યા ખાલી છે જેનો હવાલો એમ.કે.દાસ પાસે છે. હવે રાજગોપાલની નિવૃત્તિ પછી ઉર્જા વિભાગનું સ્થાન ખાલી પડશે. આ સ્થાન માટે હાલ તો જીયુવીએનએલના એમડી પંકજ જોષીનું નામ ઉપસી આવ્યું છે પરંતુ સરકારે હજી આ સ્થાન માટે કોની નિયુક્તિ કરવી તેની ચર્ચા મુખ્યમંત્રીએ બાકી રાખી છે. ગુજરાતના ૨૦થી વધુ સિનિયર આઈએએસ ઓફિસરોને વાયબ્રન્ટ પછી નવું પોસ્ટીંગ મળી શકે છે.

**વાહનનું ફ્યુઅલ બદલો, નવી પોલિસી આવે છે...**

ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ અને સીએનજીથી ચાલતા વાહનોનું ફ્યુઅલ બદલવાનો સમય આવી ગયો છે, કેમ કે ગુજરાત સરકાર ઈલેક્ટિક વાહન એટલે કે ઈવી અંગે નવી પોલિસી સાથે મેદાનમાં ઉતરી રહી છે. આ પોલિસીમાં ઉર્જાની સાથે શહેરી વિકાસ અને ટ્રાન્સપોર્ટેશન ડિપાર્ટમેન્ટ સીધી રીતે સંકળાયેલા છે. ત્રણ ઓફિસરો નક્કી કરે ત્યારે પોલિસી જાહેર થવાની સંભાવના છે. સૂત્રો કહે છે કે વાયબ્રન્ટ સમિટમાં ઈવી પોલિસી મૂકવાની હોવાથી આ ત્રણ વિભાગોમાં ધમાધમ ચાલે છે. ૧૮મી જાન્યુઆરી એ વાયબ્રન્ટ સમિટ શરૂ થાય તે પહેલાં ઈવી પોલિસી જાહેર કરવાનો સરકારનો ઈરાદો છે જેમાં ખાસ કરીને ફ્યુઅલ કન્વર્ઝન અને ફ્લુઅલ પોઈન્ટ્સનો સમાવેશ કરવામાં આવશે. ઈવી વાહનો માટે વાયબ્રન્ટ સમિટમાં ખાસ મૂડીરોકાણ માટે જોગવાઈ કરવામાં આવી છે. દેશ અને વિદેશની ઈવી કાર તેમજ અન્ય વાહનોને આ સમિટમાં પ્રોત્સાહન આપવામાં આવશે તેવું કહી શકાય છે. સમિટના પ્રદર્શન કક્ષમાં ફ્લાઈંગ કાર, સી-પ્લેનની સાથે ઈવી વાહનોનું પણ પ્રદર્શન થવાનું છે. ઈવી પોલિસીનો ડ્રાફ્ટ તૈયાર

### પેટ્રોલ, ડીઝલ અને સીએનજીને હવે છોડો, ગુજરાતમાં એક નવા ફ્યુઅલ અંગે પોલિસી આવી રહી છે

થવામાં છે અને તેની ટૂંકમાં જાહેરાત કરાશે.

**ગુજરાતની વાયબ્રન્ટ સમિટના ઘડવૈયા...**

ગુજરાત સરકારમાં એક સમય હતો જ્યારે વાયબ્રન્ટ સમિટમાં રાજગોપાલન અને મહેશ્વર શાહુનો દબદબો હતો. આ બન્ને ઓફિસરોએ નરેન્દ્ર મોદીના શાસનમાં સફળતા પૂર્વક વાયબ્રન્ટ સમિટ પૂર્ણ કર્યા હતા. આજે આ બન્ને ઓફિસરોનું સ્થાન રાજ્યના ચીફ સેક્રેટરી ડો. જે.એન.સિંઘ, મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપલ સેક્રેટરી કે. કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ એમ.કે.દાસ અને મુખ્યમંત્રીના સેક્રેટરી અશ્વિની કુમારે લીધું છે. તેમની વાયબ્રન્ટ ટીમમાં ઉદ્યોગ કમિશનર મમતા વર્મા, ઈન્ડેક્ષ્ટ-બી ના એમડી રાજકુમાર બેનિવાલ જોડાયા છે. એ ઉપરાંત એડિશનલ ચીફ સેક્રેટરીમાં મહેસૂલ વિભાગના પંકજ કુમાર, કૃષિ વિભાગના સંજયપ્રસાદ, વન અને પર્યાવરણના ડો. રાજીવકુમાર ગુપ્તા, આરોગ્ય વિભાગના પુનમચંદ પરમાર, ઉર્જા અને પેટ્રોકેમિકલના રાજગોપાલ અને શહેરી વિકાસના મુકેશ પુરી તેમજ પ્રિન્સિપલ સેક્રેટરી જેવાં કે આરોગ્ય વિભાગના ડો. જ્યંતિ રવિ, બંદર વિભાગના સુનયતા તોમર અને પ્રવાસન વિભાગના એસ.જે.હૈદર પર મોટો ભાર છે. એ ઉપરાંત સાયન્સ ટેક ના સચિવ ધનંજય દ્વિવેદી, જીએમડીસીના એમડી અરૂણ સોલંકી, જીઆઈડીસીના એમડી ડી. થારા અને જીએમબીના સીઈઓ મુકેશકુમારનો રોલ મહત્વનો રહેશે.

